અપીલ અરજી નં.૨૮૯ તા. ૧૫–૧૨ –૧૦
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી મુકેશ એ. કાનુગા
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મુકેશ એ. કાનુગાની તા.૧૭–૦૯–૧૦ ની અરજીથી મોજે નવા ગામ તા.ચોયાર્સી જી. સુરતના રે.સ. નં.૩૨/૨ વાળી જમીન મિલ્કતની ટીપી સ્કીમ નં.૮ માં થયેલ કપાત અંગેની મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૫–૧૨–૧૦ ની **SMC/FAP/** નં.૨૮૯/૨૦૧૦–૧૧

શ્રી મુકેશ એ. કાનુગાની આઈ ડી નં. ૫૨૦ તા.૧૭–૦૯–૧૦ ની અરજીથી મોજે નવા ગામ તા.ચોયાર્સી જી. સુરતના રે.સ. નં.૩૨/૨ વાળી જમીન મિલ્કતની ટીપી સ્કીમ નં.૮ માં થયેલ કપાત અંગેની મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબતે માંગ્યા મુજબની માહિતી આપવામાં આવેલ નથી નમુના–ક ના ફોર્મના મુદ્દાઓ મુજબ માહિતી આપવામાં આવેલ નથી તેવું જણાવી એપેલેટ ઓફિસરને તા.૧૫–૧૨–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા સાથે અપીલના મુદ્દા અંગે તેમનો પક્ષ પણ રજુ કરવા જણાવવામાં આવેલ. વધુમાં નકશા આધારે અરજદારે માંગેલ માહિતી તેઓ મેળવી શકે કે કેમ? તે પણ જણાવવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૮૯ તા.૨૪–૧૨–૧૦ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૫૨૦ તા.૪–૧–૧૧ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં નોંધ વિભાગ, મદદનીશ જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ તરફથી પત્ર નં.ટીડીઓ/૩૨૩૮ તા.૧૬–૧૦–૧૦ થી ટાઉન પ્લાનીંગ વિભાગ તથા વરાછાઝોનને અરજી તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૮૫૪ તા.૨૦–૯–૧૦ થી ટાઉન પ્લાનીંગ તેમજ મધ્યસ્થ શહેર વિકાસને અરજી તબદીલ કર્યાની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી અરજદારને પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૫૨૦ તા.૪–૧૧–૧૦ થી માહિતી આપ્યાના પત્રની નકલ અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની તા.૧૭–૦૯–૧૦ ની મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી માંગતી અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને મોજે નવા ગામ તા.ચોયાર્સી જી. સુરતના રે.સ. નં.૩૨/૨ વાળી જમીન મિલ્કતની ટીપી સ્કીમ નં.૮ માં થયેલ કપાત અંગે મુદ્દા નં.૧ રે.સ. નં.૩૨/૨ વાળી જમીનમાં લંબે હનુમાન રોડ તરફનો આગળનો ભાગ (જયાં આગળ હાલમાં એફીલ ટાવર છે તે જગ્યા) તરફથી કેટલા ચો.મી. જગ્યા ટી.પી. માં કપાઈ છે તેની માહિતી આપવી. મુદ્દા નં.(૨) રે.સ. નં.૩૨/૨ વાળી જમીનમાં ત્રિકમનગર સોસા. તરફનો રોડ પાછળનો ભાગ (જયાં પાછળ સિધ્ધાર્થ કો.ઓ.હા.સો.લિ. ના બંગલા તથા એક સ્વતંત્ર બંગલો બંધાયેલ છે તે જગ્યા) તરફથી કેટલા ચો.મી. જગ્યા ટી.પી. માં કપાત થયેલ છે તેની માહિતી આપવા બાબત. મુદ્દા નં.(૩) રે.સ. નં.૩૨/૨ ની જમીનની મિલ્કતમાં તે સિવાય કોઈ પણ બાજુથી જગ્યા ટી.પી. માં કપાત થયેલ હોય તો તે કેટલા ચો.મી. કપાત થયેલ છે. તેની માહિતી આપવા બાબત. મુદ્દા નં.(૪) આ રે.સ. નં.૩૨/૨ ની જમીનની મિલકતમાં કુલ કેટલા ચો.મી. જમીનની ટી.પી. માં કપાત થયેલ છે. તેની માહિતી આપવા બાબત. મુદ્દા નં.(૫) રે.સ. નં.૩૨/૨ ની જમીનની મિલ્કતમાં કપાત થયેલ જમીનનું બદલામાં અન્ય જમીન આપવામાં આવેલ છે? જો હા તો તે કુલ કેટલા ચો.મી. જમીન આપેલ છે તેની માહિતી આપવા બાબત. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૫૨૦ તા.૪–૧૧–૧૦ થી રે.સ. નં.૩૨/૨ વાળી જમીન તથા રે.સ. નં.૩૫/૨ વાળી જમીનના મુળ માલિક એક જ વ્યકિત છે અને ઉપરોકત જગ્યા ટીપી સ્કીમમાં આવતા બંને સર્વે નંબરનો ભેગો ઓ.પી. નંબર ૫ આપવામાં આવેલ, જેના બે ફા.પ્લોટ નંબર ફાળવવામાં આવેલ છે જે પૈકી એક ફા.પ્લોટ નં.૧૦ જેનું ક્ષેત્રફળ ૧૦૦૭૬ ચો.મી. છે તથા બીજા ફા.પ્લોટ નં.૧૪ જેનું ક્ષેત્રફળ ૧૨૭૮૦ ચો.મી. છે જેથી અલગ અલગ લોકેશન પરથી કેટલી જગ્યા કપાત કરવામાં આવી તે આપી શકાય નહીં પરંતુ મુળ ઓપી એરીયા ૩૨૨૭૪ માંથી ૯૪૧૮ ચો.મી. કુલ કપાતમાં લઈ બાકીની જગ્યા બે ફા. પ્લોટમાં ડીવાઈડ કરી આપવામાં આવેલ છે તેવું જણાવવામાં આવેલ છે. જેના અનુસંધાને અરજદારે માંગ્યા મુજબની માહિતી આપવામાં આવેલ નથી જે માહિતી આપેલ છે તે 'એફ' ફોર્મ મુજબની છે અમોએ જે મુદ્દાઓ મુજબ માહિતી માંગેલ છે તે મુજબ માહિતી આપવી તેવી રજૂઆત કરેલ છે અને અરજદારે મુદ્દા નં.૧ થી ૫ ના મુદ્દા માટે જે કોઈ રકમ ભરવાની થશે તેની રકમ ભરપાઈ કરવાની તૈયારી દર્શાવેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી અરજદારને માહિતી પૂરી પાડેલ જણાય છે.

આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે) હેઠળ અનુક્રમે માહિતી અને માહિતી અધિકારની વ્યાખ્યા અનુસાર જાહેર માહિતી અધિકારી કક્ષાએથી દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. જે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અપાયેલ જણાય છે. અને અરજદારે સ્વયં ફોર્મ 'એફ' પ્રમાણે માહિતી મળ્યાનો એકરાર પણ અપીલ તબકકે કરેલ છે. અત્રે એ પણ ઉલ્લેખનીય છે કે જાહેર માહિતી અધિકારીના ૪–૧૧–૧૦ થી આપેલ માહિતી પત્ર સામે અરજદાર ધ્વારા તા.૧૫–૧૨–૧૦ ના રોજ અમલ કરેલ છે. જે આરટીઆઈ એકટની કલમ–૧૯(૧) થી ઠરાવેલ પ્રથમ અપીલ કરવાની દિન–૩૦ ની સમય અવધિ બાદ લગભગ દિન–૧૧ ના વિલંબથી છે. વિલંબિત અપીલ અંગે અરજદારે કોઈ વાજબીપણું રજૂ કરેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૭–૦૯–૧૦ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પુરી પાડેલ હોય અપીલ અંગે કોઈ વિશેષ હુકમ કરવાનો રહેતો નથી અને અરજી દફતરે કરવામા આવે છે. તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો લાગત જાહેર માહિતી અધિકારીનો હુકમની તારીખથી દિન–૭ માં આગોતરો સંપર્ક કરી કચેરી કામકાજ દરમ્યાન બાબત હેઠળના દફતરની તપાસણી કરી તેના પાર્ટ પ્લાનની નકલ આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળ ઠરાવેલ તપાસણી અને દસ્તાવેજ ફી ભરી મેળવવા સ્વતંત્ર છે. અરજદાર તરફથી એવી માંગણી કર્યેથી હુકમની અમલવારી કરવા એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧–૧૧

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકાર (વરાછાઝોન).....જાણ તથા અમલ માટે .
(૨) શ્રી મુકેશ અનિલકુમાર કાનુગા,